અનુ.જાતિ તથા વિચરતી અને વિમુકત
જાતિના લોકોને ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ
બોર્ડ, ગુજરાત હાઉસીંગ બોર્ડ કે સ્લમ
કલીયરન્સ બોર્ડ મારફત મકાન બનાવવા
અપાતી સહાય તથા આવકમર્યાદાના
દરોમાં વ્યકિતગત ધોરણે ગૃહનિર્માણની
યોજનામાં વધારો કરવા બાબત.
(બીસીકે-૫૦)

---

ગુજરાત સરકાર,
સમાજ કલ્યાણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:-વમસ/૧૦૯૮/૬૫૪/છ,
સચિવાલય, ગાંધીનગર.

તારીખ:-૧૯/૯/૯૮.

<u>વંચાણે લીધા</u> :-

(૧) સમાજ કલ્યાણ વિભાગનો સરકારી ઠરાવ ક્રમાંક:-વમસ/૧૨૮૮/૧૪૩૯(૧)/ખ, તા.૨૫/૧/૮૯.

(૨) સમાજ કલ્યાણ વિભાગનો સરકારી ઠરાવ ક્રમાંક:-એસસીડબલ્યુ/૨૦૮૯/૫૬૭/અ, તા.૯/૧/૯૦ (૧૦)

(૩) સમાજ કલ્યાણ વિભાગનો સરકારી ઠરાવ ક્રમાંક:-વમસ/૧૨૮૮/પા.૯૭/અ, તા.૩૧/૩/૯૨.

(૪) સમાજ કલ્યાણ વિભાગનો સરકારી ઠરાવ ક્રમાંક:-વમસ/૧૦૯૭/૧૫૭/છ, તા.૧૫/૯/૯૭.

(૫) સમાજ કલ્યાણ નિયામકશ્રીનો તા.૧૦/૩/૧૯૯૮નો પત્ર ક્રમાંક:-સક/આગન/મ/૧/૯૮/૧૫૪૨

ઠ રા વ :-

---

આમુખમાં જણાવેલ તા.૨૫/૧/૮૯ના સરકારી ઠરાવથી અનુ.જાતિ તથા વિચરતી અને વિમુકત જાતિના લોકોને વ્યકિતગત ધોરણે મકાન સહાય આપવાની જે યોજના અમલમાં છે તે મુજબ આમુખમાં જણાવેલ તા.૯/૧/૯૦ના (૧૦) સરકારી ઠરાવથી અનુ.જાતિ તથા વિચરતી અને વિમુકત જાતિના લોકોને ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડ, ગુજરાત હાઉસીંગ બોર્ડ કે સ્લમ કલીયરન્સ બોર્ડ મારફત મકાન બનાવવા સહાય આપવામાં આવે છે. આ યોજનાની જોગવાઇઓ નીચે મુજબ છે.

(૧) મકાન સહાયની રકમ :- મકાનની ખરેખર કિંમત અથવા રૂા.૧૦,૦૦૦/- તે બેમાંથી જે ઓછું હોય તેના ૯૦% પ્રમાણે એટલે કે રૂા.૯,૦૦૦/- આપવામાં આવે છે.

(૨) આવકમર્યાદા :- લાભાર્થીની વાર્ષિક આવકમર્યાદા રૂા.૧૨,૦૦૦/- (અંકે રૂપિયા બાર હજાર) રાખવામાં આવેલ છે.

૨. આમુખમાં જણાવેલ તા.૨૫/૧/૮૯ તથા તા.૩૧/૩/૯૨ના સરકારી ઠરાવોની જોગવાઈઓમાં સુધારો કરીને આમુખમાં દર્શાવેલ તા.૧૫/૯/૯૭ના સરકારી ઠરાવથી નીચે મુજબની જોગવાઈઓ રાખવામાં આવેલ છે.

(૧) મકાનની ટોચની કિંમત :- રૂા.૩૦,૦૦૦/- (અંકે રૂપિયા ત્રીસ હજાર પૂરા) રહેશે.
(૨) મકાન સહાયની રકમ :- રૂા.૨૦,૦૦૦/- (અંકે રૂપિયા વીસ હજાર પૂરા) રહેશે.
(૩) લાભાર્થીની આવકમર્યાદા :- રૂા.૨૪,૦૦૦/- (અંકે રૂપિયા ચોવીસ હજાર પૂરા) રહેશે.

અતિ પછાત જાતિના ઇસમોને આવકમર્યાદાના બાધ વિના સહાય આપવામાં આવે છે.

૩. ઉપર્યુકત તા.૧૫/૯/૯૭ના સરકારી ઠરાવથી કરેલ જોગવાઈઓના ધોરણે ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડ, ગુજરાત હાઉસીંગ બોર્ડ કે સ્લમ કલીયરન્સ બોર્ડ મારફત મકાન બનાવવા અપાતી સહાયની રકમ, મકાનની ટોચની કિંમત તથા લાભાર્થીની વાર્ષિક આવકમર્યાદામાં વધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૪. આ બાબતો પુખ્ત વિચારણાને અંતે સરકારશ્રીએ નીચે મુજબના સુધારેલ ધોરણે સહાય આપવાનું ઠરાવેલ છે.

(૧) મકાનની ટોચની કિંમત :- રૂા.૩૦,૦૦૦/- (અંકે રૂપિયા ત્રીસ હજાર પૂરા) રહેશે.
(૨) મકાન સહાયની રકમ :- રૂા.૨૦,૦૦૦/- (અંકે રૂપિયા વીસ હજાર પૂરા) રહેશે.
(૩) લાભાર્થીની વાર્ષિક આવકમર્યાદા :- રૂા.૨૪,૦૦૦/- (અંકે રૂપિયા ચોવીસ હજાર પૂરા) રહેશે.

(૪) અતિ પછાત જાતિના ઈસમોને આવકમર્યાદાના બાધ સિવાય સહાય આપવાની રહેશે.

(૫) આ યોજનાની અન્ય શરતો યથાવત્ રહેશે.

૫. આ અંગેનો ખર્ચ અંદાજપત્રના સદર-૧૧ માંગણી નં.-૯૩-મુખ્ય સદર-૨૨૨૫-ગૌણ સદર-૮૦૩-આવાસન-પેટા સદર-(૨)-બીસીકે-૫૦-અનુ.જાતિઓ માટે ખાસ અંગભૂત યોજના-શહેરી વિસ્તારોમાં આવાસન માટે નાણાકીય સહાય" હેઠળ ઉધારવાનો રહેશે.

૬. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૧૮-૯-૯૮ની નોંધમાં મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( વિ. પ. પરમાર )
ઉપસચિવ,
સમાજ કલ્યાણ વિભાગ.
ગુજરાત સરકાર.

પ્રતિ,

માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.મંત્રીશ્રી(સ.ક.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વે મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ/નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
સચિવાલયના સર્વે વિભાગો.
નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
સર્વે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ.
સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ(વિકાસ).
નાણાં સલાહકારશ્રી, નાણા શાખા, સમાજ કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સમાજ કલ્યાણ વિભાગની બધી શાખાઓ.
પસંદગી ફાઇલ.

મહેતા/૨૪૯/સટે.